ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# નવા સચિવાલય સંકુલમાં વન તંત્રએ ૩૮ સુકા વૃક્ષોનું માર્કીંગ કર્યુ

**જોખમી વૃક્ષોની ટુંકમાં કટોતી કરવામાં આવશે : શહેરમાં પણ ઉભા સુકા વૃક્ષોનું માર્કીંગ કરવામાં આવી રહ્યુ છે**

ગાંધીનગર તા ૧૪

નવા સચિવાલય સંકુલમાંથી ઉભા અને સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો જેના અંતે સચિવાલય સંકુલમાંથી ૩૮ જેટલા ભયજનક વૃક્ષો દુર કરવા માટે માર્કીંગ કરાયુ છે. નવા સચિવાલયમાં પણ નમી પડેલા અને સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. આગામી દિવસોમાં આ પ્રકારના જોખમી વૃક્ષો દુર કરાશે.

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે હરિયાળા વૃક્ષોની સાથે સુકા અને નમી પડેલા ભયજનક વૃક્ષો પણ વરસાદી દિવસો દરમિયાન જમીનદોસ્ત થતા હોવાનુ ધ્યાને આવે છે. આ પ્રકારના જોખમી વૃક્ષોના લીધે અનેકવાર રાહદારીઓને ઈજા થઈ હોવાના કીસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા આ પ્રકારના જોખમી વૃક્ષો દુર કરવા માટે સર્વે હાથ ધરાયો છે. શહેરના સેકટરોમાં ઉભા સુકા વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ સુકા વૃક્ષોને દુર કરવા માટે માર્કીંગના અંતે કટોતી પણ કરવામાં આવશે. શહેરમાં મુલાકાતીઓથી ઉભરતા નવા સચિવાલય સંકુલમાં પણ સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા નવા સચિવાલયમાં સુકા વૃક્ષોનુ માર્કીંગ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નવા



સમગ્ર રાષ્ટ્રએ જોરશોરથી રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિને ઉજવી જે સંદર્ભે વડાપ્રધાને ‘‘સ્વચ્છતાને અપનાવવી તેજ ગાંધી બાપુને અર્પેલી શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ’’નો સંદેશ પણ આપ્યો હતો. વડાપ્રધાનની નેમ દેશમાં ૧૦૦ સ્માર્ટસિટી બનાવવાની છે. જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે પરંતુ અફસોસ કે ‘‘સ્માર્ટસિટીની પ્રથમ શરત જ સ્વચ્છતા છે જે સ્વાસ્થ્ય અને પર્યાવરણ સહિતના અનેક આયામો માટે અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે તેની શહેરના તંત્રને જાણે ખબર જ નથી. શહેરની સિવિલ હોસ્પિટલ સંકુલમાં ‘‘સ્વચ્છતા’’ જાળવવાના ઉદ્દેશથી મુકવામાં આવેલા હારબંધ ડસ્ટ કન્ટેનરો જ જાણે મિની ડમ્પીંગયાર્ડ બની જાય ત્યાં સુધી તેને ખાલી કરાતા નથી પછી ભલેને સિવિલ હોસ્પિટલ જ ‘‘રોગનું ઘર’’ કેમ ના બની જાય!!!

# કોર્ટ સંકુલ માટે સે-૧૧માં વિશાળ જગ્યા ફાળવવા સરકારનો નિર્ણય

**ગાંધીનગર બાર એસોસિએશને નિર્ણયને આવકારી સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી : અરજદારોને પડતી હાલાકીને ધ્યાને લઇ અગાઉ વારંવાર સરકારને રજુઆત કરવામાં આવી હતી**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં નવા કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે સે-૧૧ માં એસ ટી ડેપો નજીક વિશાળ જગ્યા ફાળવવા સરકારે નિર્ણય લેતા ગાંધીનગર બાર એસોસિએશને આજે સરકારના આ હકારાત્મક નિર્ણયને આવકારી આભારની લાગણી વ્યકત કરી છે. અગાઉ હયાત બિલ્ડીંગ પર નવા માળ બાંધવાનુ પણ આયોજન કરાયુ હતુ. પરંતુ કોર્ટ બિલ્ડીંગને અદ્યતન અને સુવિધાયુક્ત બનાવવા માટે નવી જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાતા નવો માળ બાંધવાનુ કામ પડતુ મુકાયુ હતુ. જયારે હવે સે-૧૧ માં જ વિશાળ જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાતા વકીલોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે આ અંગે રજુઆતમા જણાંવ્યા અનુસાર ગાંધીનગરમાં અરજદારોને પડતી મુશ્કેલને ધ્યાને લઈને નવા કોર્ટ સંકુલ માટે જગ્યા ફાળવવા માટે ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા સરકારને અસરકારક રજુઆત કરવામાં આવી હતી. જયારે જગ્યાની ફાળવણી માટે તબક્કાવાર બેઠકનુ પણ આયોજન કરવામા આવ્યુ હતુ. જયારે આ રજુઆતને ધ્યાને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ કાયદામંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રદિપસિંહ જાડેજાએ અંગત રસ લઈને ગાંધીનગર એસ ટી ડેપોથી તદન નજીકના વિસ્તારમાં સે-૧૧ ખાતે કોર્ટ સંકુલ માટે મોકાની વિશાળ જગ્યા ફાળવવાનો નિર્ણય લીધો છે. આ બાબતે ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ જે ગોહીલ, સેક્રેટરી હસમુખ કે ચૌધરી, બાર કાઉન્સિલના સભ્યો શંકરસિંહ ગોહીલ, કરણસિંહ વાઘેલા સહીત વકીલ મંડળે સરકારના આ હકારાત્મક નિર્ણયને બિરદાવી સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

# શહેરના વોર્ડ નં. ૨-૩ માં ૧૧ પરિવારો પાસે વીજ કનેક્શન નથી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં હજુ પણ વીજ જોડાણો વિના પરિવારો વસી રહ્યા છે. સરકાર દ્વારા સંપૂર્ણ વીજળીકરણ કરાયાની વાતોનો આજે છેદ વોર્ડ નં. ૨ અને ૩ ના યોજાયેલ સેવાસેતુ દરમ્યાન ઉડી ગયો છે.

આજે ૧૧ વ્યક્તીઓએ સેવાસેતુમાં નવા વીજ જોડાણ માટે ટોરેન્ટ પાવરને અરજી કરી છે તેવુ મનપાની સેવાસેતુ માટેની સત્તાવાર અખબારી યાદીમાં જણાવાયુ છે.

આજના આ સેવાસેતુ કાર્યક્રમમાં ડાયાબીટીસ અને બ્લડપ્રેસરની સ્ક્રીનીંગ કરવા ઉભા કરાયેલ સ્ટોલની ૩૦ ટકાથી વધુ (નોંધાયેલ કુલ મુલાકાતીઓના)એ મુલાકાત લીધી હતી. ૧૫૩૩ મળેલ અરજીમાંથી ૫૬૯ એ માત્ર આરોગ્યની આ સેવાનો લાભ લીધો હતો.



સેકટરોમાં ચાલતા સરકારી દવાખાનાઓ બંધ થતાં લોકોની હાલાકીમાં થયેલો વધારો આ આંક દર્શાવે છે કે એટલુ જ નહિ ૮૮ લોકો ‘‘મા વાત્સલ્ય કાર્ડ’’ આપવામાં આવ્યુ હતુ જે પણ નોંધનીય છે.

આજના આ સેવાસેતુ કાર્યક્રમમાં મ્યુનિ. કમિશનરશ્રી અને રોકાણો અને વ્યસ્તતાને લઈ હાજર રહી શક્યા ન હતા. આજનો સેવાસેતુ કાર્યક્રમ મેયરના વોર્ડમાં જ હોવા છતાં તેઓ હાજર રહી શક્યા ન હતા. જો કે ૧૭ જેટલા મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

# શહેરમાં વિદ્યાર્થીઓની સુવિધા માટે હોસ્ટેલ બનાવવા ૧૦ હજાર ચો.મી. જગ્યા ફાળવવા મેયરની માંગ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ થઈ રહે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકાને ૧૦ હજાર ચો.મી. જગ્યા ફાળવવા મેયર રીટાબેન પટેલે સરકારમાં પત્ર લખી રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારોમાં ચાલતી ગેરકાયદે હોસ્ટેલના વિવાદને ઠંડો પડી ગયા પછી મેયરે આવો પત્ર લખી માંગ કરી છે કે અમને જગ્યા ફાળવવામાં આવે. ગાંધીનગર શહેર એ નોલેજ હબ તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે બાળકોને રહેવા માટેની હોસ્ટેલો જે સરકાર સંચાલિત છે તેમાં મંજૂર બેઠકો ઘણી ઓછી છે જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને શહેરમાં સેલ્ટર હોમ માટે સરકારે જગ્યા ના ફાળવી ત્યારે ગુડાએ પોતાને સંપ્રાત જમીનમાં સેલ્ટર હોમ બનાવવા જગ્યા ફાળવી આપી છે. આના બાંધકામનો હમણાં જ પ્રારંભ થયો છે.

હવે મનપાએ વધુ એકવાર હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવા જગ્યા ફાળવવાની માંગ કરી છે.

સરકારે અગાઉ મહાનગરપાલિકાને પણ તેનુ પોતાનુ મકાન બનાવવા માટે જગ્યાની ફાળવણી કરેલ નથી એટલુ જ નહિ જિલ્લા પંચાયત ગાંધીનગરે પણ તેને મોટો પ્લોટ ફાળવવા તો તાલુકા પંચાયત ગાંધીનગરે પણ પોતાની કચેરી માટે પ્લોટની માંગણી કરેલ છે. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે સરકારને લખેલ પત્રમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત ગાંધીનગર નોલેજ હબ તરીકે જે રીતે વિકસી રહ્યુ છે તે ધ્યાને રાખી આ માંગ કરી છે.

# નાગરિક બેંકના ચેરમેન તરીકે વિક્રમભાઇ પટેલની વરણી

**વાઇસ ચેરમેન તરીકે પ્રવિણભાઇ પટેલ તેમજ મેનેજીંગ ડિરેક્ટર તરીકે વિપુલ પટેલની સર્વાનુમતે નિમણુંકને સૌએ વધાવી અભિનંદન પાઠવ્યા**

ધી ગાંધીનગર નાગરિક કો ઓ બેંકની આજે મળેલી બોર્ડ બેઠક દરમિયાન વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે નવા હોદેદારની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં બેંકના ચેરમેન તરીકે સર્વાનુમતે નગરના અગ્રણી વિક્રમભાઇ પટેલની નિમણુંક કરવામાં આવી છે.







ધી ગાંધીનગર નાગરિક કો ઓ બેંકમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે નવા હોદેદારોની નિમણુંક કરવામાં આવી છે. આજે મળેલી બોર્ડ બેઠક દરમિયાન સર્વાનુમતે બેંકના નવા હોદેદારોની નિમણુંક કરવામાં આવી હતી. આ દરમિયાન બેંકના નવા ચેરમેન તરીકે સમાજના અગ્રણી વિક્રમભાઇ કે પટેલ,વાઇસ ચેરમેન તરીકે પ્રવિણભાઇ ડી પટેલ તેમજ મેનેજીંગ ડિરેકટર તરીકે વિપુલભાઇ આર પટેલની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે.

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા

# રવિવારે નગરમાં યોજાશે વિશિષ્ટ કાર્યક્રમ ‘જયકારા’

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સહયોગથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રવિવારે ‘જયકારા’ નામે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં આયોજક સંસ્થાઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે તારીખ ૧૭મી નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે ખિમજી વિસરામ હોલ, સર્વ વિદ્યાલય, પરિસર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમની પ્રસ્તુતિ આસિફ પટેલ દ્વારા કરવામાં આવશે, જેનો કન્સેપ્ટ જય વસાવડા અને ઈમ્તિયાઝ પટેલનો છે, શો ડિઝાઈન પ્રિતેશ સોઢા દ્વારા તૈયાર કરાઈ છે.

ગુજરાતી ભાષાના લોકપ્રિય વક્તા, વિચારક અને લેખક જય વસાવડાની દશ્ય-શ્રાવ્ય-નાટ્ય મઢેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની મ્યુઝિકલ, મનોરંજક અને મોટીવેશનલ પ્રસ્તુતિ ‘જયકારા’ નામે ગાંધીનગરના કલારસિકો સમક્ષ પ્રસ્તુત થઈ રહી છે, એમ આયોજક સંસ્થાઓએ વધુમાં જણાવ્યું છે.

**બેસણું**



અમારા પિતાશ્રી જશવંતભાઈ દેવેન્દ્રભાઈ વ્યાસ (મેવડવાળા - જિ.મહેસાણા)નું તા.૧૪-૧૧-૨૦૧૯ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૭-૧૧-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ધરતી વિકાસ મંડળ (નવું બિલ્ડિંગ) વિજયનગર પેટ્રોલ પંપ સામે, નારણપુરા, અમદાવાદ.

લિ

ગં.સ્વ. શારદાબેન દેવેન્દ્રભાઈ વ્યાસ
સ્મિતાબેન જશવંતભાઈ વ્યાસ
મનિષ જશવંતભાઈ વ્યાસ (પત્રકાર ગુજરાતમિત્ર)
રાકેશ જશવંતભાઈ વ્યાસ (પત્રકાર સંદેશ)
તેજસ જશવંતભાઈ વ્યાસ

# ગાંધીનગર જિલ્લા પંચાયત પરિવારની કાર્યશાળા તથા સ્નેહમિલન સમારોહ યોજાયો

**લોકોની વેદના, સંવેદના અને ફરિયાદો દૂર કરે તે વ્યવસ્થા તંત્ર છે : આર.આર. રાવલ**

ગાંધીનગર, તા. ૧૫

લોકોની વેદના, સંવેદના અને ફરિયાદો દૂર કરે તે વ્યવસ્થા તંત્ર છે. સરકારના કર્મયોગીઓ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ અદા કરશે તો સામાન્ય વ્યકિતની સંવેદનાને સમજી શકશે તેવું આજરોજ ગાંધીનગરની નાથીબા કોમર્સ કોલેજના હોલમાં યોજાયેલ જિલ્લા પંચાયત પરિવારના સ્નેહ મિલન કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું.

તલાટી-સરપંચો અને પદાઅધિકારીઓના સ્નેહ મિલન સમારંભમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાચા ગ્રામ સ્વરાજની પરિકલ્પનાને સાર્થક કરવા માટે ગામડાઓનો વિકાસ જરૂરી છે. મારૂ ગામ રળિયામણું ગામ, સ્વચ્છ-સુંદર-રૂપાળું ગામ બનાવવાની જવાબદારી તમામ ગ્રામજનોની છે. જયાં સાચી સત્તાનો સદૂઉપયોગ ન થાય ત્યારે પ્રશ્નો ઉભા થતા હોય છે. આપણામાં આપણે કરવું જ છે તેવો ભાવ આવવો ખૂબ જ જરૂરી છે. ગામના વિકાસમાં મારૂ શું... મારે શું.... જેવા ભાવ આવશે તો ગામનો વિકાસ રૂંધાશે. કોઇ પણ



ગામના વિકાસ માટે સરપંચ, તલાટીઓ અને ગ્રામજનોનો માનસિક મનબોળ મજબૂત હોવું ખૂબ જરૂરી છે.

ગામનો વિકાસ ગામની ગોદમાં રમતો વ્યક્તિ જ સાચી રીતે કરી શકે છે તેવું કહી જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું કે દિવાલ પર સૂત્રો લખવાથી ગામનો વિકાસ થતો નથી પણ આ સૂત્રો દિલમાં લખાશે તો જ વિકાસ સાચા અર્થમાં થશે. સાચો વિકાસ ગરીબના ઘર અને દિલમાં દીવો પ્રગટશે તો જ થશે. આથી ગામના વિકાસ માટે આપણી માનસિકતા બદલી ખૂબ જ જરૂરી છે નહિતર ગ્રામજનો આપણને બદલી નાખશે તેવું કહી તેમણે સરકારની વિવિધ ગ્રાન્ટો અને સહાયોની પોતાની આગવી શૈલીમાં વિસ્તૃત સમજ આપી હતી.

આર્થિક મંદી સારી પણ માનસિક મંદી ખૂબ જ ખરાબ છે તેવું કહી જિલ્લા વિકાસ અધિકારી રાવલે જણાવ્યું હતું કે નિયમો લોકો માટે છે, જન કલ્યાણના કામો માટે નિયમોમાં જરૂરી સંશોધન કરીને ઉકેલ લાવવો ખૂબ જરૂરી છે. તેમણે આજના ટેકનોલોજીના યુગમાં કોમ્પ્યુટરનું જ્ઞાન ન ધરાવનાર અભણ બરાબર છે, તેની પણ દષ્ટાંતપૂર્વક વાત કરી હતી.

તલાટીનો ગામમાં કેવો માન મોભો છે તેની વાત કરીને જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, તલાટી જો પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરશે તો તે ગામની તાસીર અને તકદીર અવશ્ય બદલાશે. તેમણે સર્વે તલાટીઓને ગામડું સુખી થાય તે માટે દબાણના નામે કોઈ વેર ઝેર ઉભું ન થાય તેમજ દબાણ દૂર કરવાની પ્રક્રિયામાં સર્વે તલાટીઓને પોતાની ફરજ નિષ્ઠાથી બજાવવા ભારપૂર્વક જણાવ્યું હતું. નિશ્ચિત સમય મર્યાદામાં ગામનું દબાણ દૂર કરવા માટે સરપંચ - તલાટીઓને જણાવી પંચાયત ધારામાં દબાણની સત્તા અંગેની સમજ આપી હતી. તેમણે સરપંચ

● અનુસંધાન પાના - ૭ પર

# ૧૪૫ થી વધુ દર્દીઓએ મેડીકલ સ્ટોરની મુલાકાત લીધી

પદાધિકારીઓ અને પંચાયતના કર્મયોગીઓની આજે યોજાયેલ કાર્યશાળા દરમ્યાન ૧૪૫ થી વધુ સરપંચ અને કર્મયોગીઓએ આયુર્વેદ અને હોમીયોપેથીની સારવાર પદ્ધતિનો લાભ મેળવવા માટે કેસ પેપર સાથે દવાઓ લીધી હતી.

**● મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા પણ અલાયદો સ્ટોલ**

નાથીબા હોલ ખાતે યોજાયેલ કાર્યશાળઆમાં મહિલા-બાળ વિકાસ વિભાગે તેની વિવિધ કામગીરીની સમજ આપતા ઉભા કરેલા સ્ટોરની ૪૦૦થી વધુ લોકોએ મુલાકાત લઈ અને કુપોષણ મુક્તિ અભિયાન સહિતની વિવિધ જાણકારીઓ મેળવી હતી.

**● કાર્યશાળા સ્થળે ખાસ ઉભા કરાયેલા સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર**

ગાંધીનગર જિલ્લા પંચાયત પરિવાર દ્વારા આજે યોજાયેલ કાર્યશાળા સહ સ્નેહમિલન સમારોહમાં મચ્છરોના બ્રિડીંગ બતાવતા, ગબ્બી માછલી તેમજ ફોગીંગ મશીન સહિતનું પ્રદર્શન ઉભુ કર્યુ હતુ જે સૌને મનભાવન રહ્યુ હતુ. આ ઉપરાંત પશુપાલન વિભાગે પણ ખાસ સ્ટોલ ઉભો કરી પશુપાલનની વિવિધ યોજનાઓની જાણકારી આપતી પુસ્તીકાઓ અને પ્લેમફલેટ પણ મુલાકાતીઓને વિતરણ કરી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા) N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com